**જોરદાર ધડાકા સાથે HCL એસિડની ટેન્ક ફાટી, કોઇ જાનહાનિ નહીં પણ તંત્રમાં દોડધામ**

# એસિડની ટેન્ક ફાટતા હડકંપ

**વાપીના રસ્તા** પર કેમિકલ રેલાતા સફેદ ધુમાડાના ગોટા છવાયા

**શેઠ** એન્ટરપ્રાઇઝના ટેન્કરમાંથી HCL એસિડ લીક થતા GPCBએ નમૂના લઇ તપાસનો ધમધમાટ શરૂ કર્યો



વાપી : વાપી જીઆઈડીસીના થર્ડ ફેઈઝમાં મોડી રાત્રે એચસીએલ એસિડની ટેંક ફાટતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાત્રે જોરદાર અવાજ સાથે ટેંક ફાટતા રસ્તા ઉપર એસિડ ફેલાતા સફેદ ધૂમાડો પ્રસરી ગયો હતો. આ બનાવ બાદ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે તેના કારણે કોઈ જાનહાનિ કે નુકસાન થયું ન હતું. આ બનાવ બાદ ફાયરબ્રિગેડને જાણ સુધ્ધા કરવામાં આવી ન હતી. તે વાત આશ્ચર્યજનક લાગે છે. આ અંગે મળતી વિગત મુજબ વાપી જીઆઈડીસી થર્ડ ફેઈઝ સ્થિત શેઠ એન્ટરપ્રાઈઝ નામના ટ્રેડર્સના ટેંકરમાં એસીએલ એસિડ લિકેજ થયું હતું. તેના કારણે આખા રસ્તા ઉપર એસિડ ફેલાઈ ગયું હતું. જોકે સરકારી એજન્સીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે થોડી જ વારમાં લીકેજ બંધ કરી દેતા સ્થિતિ કાબુમાં આવી ગઈ હતી. આ બનાવ ટ્રેડર્સને ત્યાં બન્યો હતો.

કંપનીમાં બન્યો ન હતો. વાપી જીપીસીબીએ તેની ટીમને બનાવ સ્થળે મોકલી હતી. ત્યાંથી નમૂના લેવામાં આવ્યા હતા. તપાસનો રિપોર્ટ આવ્યા બાદ જરૂરી કાર્યવાહી કરાશે તેવું જાણવા મળ્યું છે.

## ગોડથલના યુવાને એસિડ પી લેતા મોત

ઘેજ : ગોડથલ ગામના યુવાને અગમ્ય કારણોસર એસિડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. ગોડથલ ગામના નવીન નગર ફળીયા ખાતે રહેતા તુષાર દિવ્યેશ બાસ્તાએ બુધવારે પોતાના ઘરે એસિડ પી લેતા સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં શુક્રવારની વહેલી સવારના સમયે ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની જાણ ડો.આનંદ પટેલ વલસાડ સિવિલ હોસ્પિટલના તબીબે કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ-એફ.એચ.પટેલ કરી રહ્યા છે.

## વાપી જીઆઈડીસીની કેમિકલ કંપનીમાં આગ લાગી



વાપી : વાપી જીઆઈડીસી થર્ડ ફેઈઝ સ્થિત ક્રોમા ઇન્ડસ્ટ્રીઝમાં શુક્રવારે સવારે ૯ વાગ્યાના આસપાસ આગ ફાટી નીકળી હતી. વાપી જીઆઈડીસી ફાયરબ્રિગેડના ચાર ફાયટર સાથે બનાવ સ્થળે પહોંચી એક કલાકમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આગ લાગવાનું કારણ પ્રાથમિક તપાસમાં શોટ સર્કિટને કારણે આગ લાગી હોય તેવું જાણવા મળે છે. વાપી જીઆઈડીસી સ્થિત કેમિકલ કંપની ક્રોમા ઇન્ડસ્ટ્રીઝમાં શુક્રવારે સવારે નવ વાગ્યે આગ લાગી ફાટી નીકળી હતી. વાપી જીઆઈડીસીના યુનિટ-૧ અને યુનિટ-૨ ઉપરથી ફાયરબ્રિગેડના ચાર ફાયટર લાશ્કરો સાથે આગ ઉપર કાબુ મેળવવા માટે પહોંચ્યા હતા. ફાયરબ્રિગેડની ટીમે લગભગ એક કલાકની જેહમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

# વાપીમાં દસ્તાવેજ નોંધણી માટે ત્રીજી સબ-રજિસ્ટ્રાર કચેરીની માંગ

**વલસાડ** ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી

વલસાડ : વાપીમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે થઈ રહેલા વ્યાપક વિકાસ અને મિલકત નોંધણીમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખીને 'વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન' દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશને વાપીમાં તાત્કાલિક ધોરણે ત્રીજા સબ-રજિસ્ટ્રારની નિમણૂક કરવાની માંગ કરી છે. એસોસિએશનના જણાવ્યા અનુસાર, વાપી મહાનગરપાલિકા બન્યા બાદ આસપાસના ગ્રામ્ય વિસ્તારોનો શહેરી વિસ્તારમાં સમાવેશ થયો છે. નવી કોમર્શિયલ અને રેસિડેન્શિયલ સ્કીમો આવવાને કારણે ગુજરાત તેમજ અન્ય રાજ્યોના લોકો પણ વાપીમાં મિલકત ખરીદવા પ્રેરાયા છે, જેનાથી ખરીદ-વેચાણના વ્યવહારોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

પત્રમાં જણાવ્યા મુજબ, હાલનું વહીવટી માળખું હજુ પણ જૂની વ્યવસ્થા મુજબ કાર્યરત છે, જેના કારણે અનેક પ્રશ્નો ઉભા થયા છે. જેમાં હાલની બે સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી માટે સ્લોટ (ટોકન) મેળવવા અત્યંત મુશ્કેલ છે, જેના કારણે પક્ષકારોએ ૧૫ થી ૨૦ દિવસ સુધી વેઈટિંગમાં રહેવું પડે છે.

નોંધણીમાં થતા વિલંબને કારણે બેંક લોન, પેમેન્ટ શિડ્યુલ અને પ્રોજેક્ટના ટાઇમલાઇન પર સીધી અસર પડે છે, ઉપરાંત નોંધણી પ્રક્રિયા ધીમી હોવાથી સરકારને મળતી કરોડો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટીની આવક પણ વિલંબિત થાય છે.

આ નિર્ણયથી વહીવટી સરળતા વધશે અને મિલકત ધારકોને ઝડપી સેવા પ્રાપ્ત થશે. આ રજૂઆત વલસાડ ડિસ્ટ્રિક્ટ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસો.ના પ્રમુખ અશોક મંગે દ્વારા કરવામાં આવી છે.

# ટેમ્પોએ વીજ થાંભલો અને દીવાલ ઉડાવી

**વલસાડના** ભાગડાવાડામાં રિવર્સમાં આવતા રેતી ભરેલા ટેમ્પોની અડફેટે મહિલાને ગંભીર ઇજા



વલસાડ: તાલુકાના ભાગડાવાડા ગામમાં આવેલી રાજેશ્રી નગર સોસાયટી પાસે એક બેકાબૂ બનેલા ટેમ્પોએ ભારે નુકસાન સર્જ્યું છે. રેતી ભરેલો ટેમ્પો અચાનક રિવર્સમાં આવતા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેને પગલે ટેમ્પો વીજ થાંભલા અને ઘરની દીવાલ સાથે અથડાતા બંને ધરાશાયી થયા હતા. આ ગંભીર અકસ્માતની અડફેટે એક મહિલા આવી જતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ભાગડાવાડાના નવી નગરી વિસ્તારમાં રેતી ભરેલો ટેમ્પો રિવર્સમાં જતી વખતે અચાનક ચાલકના અંકુશ બહાર ગયો હતો. ટેમ્પોની ગતિ અને વજન વધુ હોવાથી તેણે રસ્તામાં આવતા વીજ થાંભલાને જોરદાર ટક્કર મારી હતી અને ત્યારબાદ બાજુના ઘરની દીવાલ તોડી અંદર ઘૂસી ગયો હતો. આ ઘટના દરમિયાન ત્યાંથી પસાર થતા કોસંબાના રહેવાસી સુજાતાબેન ટંડેલ અડફેટે આવતા ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માત બાદ સ્થાનિકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાપીમાં લાયસન્સ વગર ધંધો કરતા ૧૭ એકમને દંડ ફટકારાયો

**વાપી** પાલિકાની એક જ માસમાં પ્રોફેશનલ ટેક્સ પેટે રૂપિયા ૯૨.૭૨ લાખની વસૂલાત



વાપી : વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગ દ્વારા વિવિધ વિસ્તારમાં ગુમાસ્તાધારા લાયસન્સ અને પ્રોફેશનલ ટેક્ષ માટે તપાસ હાથ ધરીને એક માસમાં કુલ ૭૪ નવા કરદાતાની નોંધણી કરવામાં આવી હતી. તેમજ લાયસન્સ લીધા વગર તથા ટેક્ષ ભર્યા વગર ધંધો કરતાં હોવાથી કાર્યવાહી કરી સ્થળ પર જ ૧૭ એકમની નોંધણી કરી રૂપિયા ૧.૮૦ લાખની વસૂલાત કરવામાં આવી હતી. મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરીએ નવા કરદાતા શોધવાની સૂચના આપતા ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કર તથા ટીમ દ્વારા ગત એક માસ દરમ્યાન વિવિધ વ્યવસાયિક સંસ્થાઓમાં તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં કુંતા, વટાર વગેરે વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક કંપનીઓમાં લાયસન્સ લીધા વગર તથા ટેક્ષ ભર્યા વગર ધંધો કરતાં ૧૭ માલિકની સ્થળ પર જ નોંધણી કરવામાં આવી હતી. તેમની પાસેથી રૂપિયા ૧.૮૦ લાખની વસૂલાત કરવામાં આવી હત્તી. ગત એક માસ દરમ્યાન પ્રોફેશનલ ટેક્ષની કુલ રૂપિયા ૯૨.૭૨ લાખની વસૂલાત કરવામાં આવી હતી. ગુમાસ્તાધારાના નિયમમાં સરકાર દ્વારા હાલમાં સુધારો કરવામાં આવ્યો છે તેની જાણકારી પણ આપવામાં આવી હતી. જે મુજબ સસ્થામાં કર્મચારીની સંખ્યા હવે ૧૦ ને બદલે ૨૦ કે તેથી વધુ હોય તો ફરજિયાત નોંધણી કરાવીને ફી ભરવાની થાય છે. તથા ૨૦ થી ઓછા કર્મચારી હોય તો વાપી મહાનગરપાલિકામાં માત્ર જાણ કરવાની થાય છે.

આગામી સમયમાં આ અભિયાન વધુ સખ્તાયથી કરવામાં આવશે અને દંડાત્મક કાર્યવાહી થશે. ભૂલથી પણ કોઈ ધંધાર્થીને ગુમાસ્તાધારાની કે વ્યવસાયવેરાની નોંધણી કરવાની બાકી રહી ગઈ હોય તો ઘરવેરા વિભાગનો સંપર્ક કરી તુરંત કરાવી લેવા જણાવાયું છે.

## કપરાડાના વડોલીમાં દીપડાએ ગાય ઉપર હુમલો કરતા પશુ પાલકોમાં ભય

વલસાડ : કપરાડા તાલુકાના વડોલી રાનવેરી ફળિયા ખાતે દીપડાએ ગાય ઉપર હુમલો કરી મારણ કરતા સ્થાનિક વિસ્તારના પશુ પાલકોમાં ભય વ્યાપી ગયો છે. આગેવાનોએ વન વિભાગને જાણ કરતા વિભાગ દ્વારા પાંજરુ મૂકવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ વડોલી રાનવેરી ફળિયા ખાતે રહેતા ખેડૂત પરિવાર જાહીરામ ભાઈ પવારને ત્યાં ગુરુવારે મધરાતે ત્રાટકેલા દીપડાએ ગાય ઉપર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારતા ખેડૂત પરિવારને મોટું આર્થિક નુકશાન થયું છે. તો બીજી તરફ સ્થાનિક પશુ પાલકોમાં પણ ભય વ્યાપી ગયો છે. ઘટનાની જાણ થતા વડોલી તાલુકા પંચાયત સભ્ય ઉત્તમ પવારે કપરાડા વન વિભાગને ઘટનાની જાણ કરી હતી. તો બીજી તરફ અસરગ્રસ્ત ખેડૂત પરિવારને સહાય મળે તે માટે નવ નિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સંજાણમાં પશુઓની હેરાફેરી ઝડપાઇ

**ક્રૂરતાપૂર્વક** ભેંસોને ટેમ્પોમાં ભરી મહારાષ્ટ્ર લઈ જતો ચાલક પકડાયો

ઉમરગામ : સંજાણમાંથી પીકઅપ ટેમ્પોમાં 6 પશુઓને અત્યંત નિર્દયતાપૂર્વક ભરીને મહારાષ્ટ્ર લઈ જવાતા પોલીસે કાર્યવાહી કરી 3,95,000નો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાત્રિના સુમારે ખતલવાડાના જાગૃત નાગરિકે ઉમરગામ પોલીસને બાતમી આપી હતી. બાતમી મુજબ, એક મહેન્દ્રા પીકઅપ ટેમ્પોમાં પશુઓને ઘાસચારા કે પાણીની સુવિધા વિના, ગળામાં ટૂંકા દોરડા બાંધીને લઈ જવામાં આવી રહ્યા હતા. સ્થાનિક લોકોએ ટેમ્પોને સંજાણ રાયવાડી જાહેર રોડ પર અટકાવ્યો હતો.

બાતમી મળતા જ ઉમરગામ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ટેમ્પો ચાલક કાસીફ શુહાબ માંડેકર (રહે. કલ્યાણ ઇસ્ટ, મહારાષ્ટ્ર) પાસે પશુઓની હેરાફેરી માટે જરૂરી પાસ-પરમિટ કે કાયદેસરના કાગળો માંગ્યા હતા. જોકે, ચાલક પાસે કોઇ પણ સાધનિક પુરાવા ન હોવાથી તેની અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, સંજાણ રાયવાડીના તસલીમ નામના વ્યક્તિએ પોતાના તબેલામાંથી આ ભેંસો ભરી આપી હતી, જેને મહારાષ્ટ્રના કલ્યાણ બજારમાં ઉતારવાની હતી.

પોલીસે આ કાર્યવાહી દરમિયાન એક મોટી ભેંસ, બે પાડી, એક મોટો પાડો અને બે નાના પાડા, મહેન્દ્રા પીકઅપ ટેમ્પો, એક મોબાઇલ મળી કુલ રૂપિયા 3,95,000નો મુદ્દામાલ જપ્ત કરી ઉમરગામ પોલીસે પકડાયેલા ડ્રાઈવર અને પશુઓ ભરી આપનાર ફરાર આરોપી તસલીમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**દમણમાં ટ્રાફિક નિયમભંગ બદલ પોલીસ નહીં, કેમેરા કરશે દંડ**

# દમણમાં ત્રીજા આંખનો પહેરો

**મશાલ** ચોક અને ધોબી તળાવ સહિતના વિસ્તારોમાં હાઈ-ટેક સેન્સર્સ તૈનાત

**નંબર** પ્લેટ સ્કેન થઈને સીધો જ જનરેટ થશે E-ચલાણ

**હાઈ-ડેફિનેશન** CCTV કેમેરા અને અત્યાધુનિક સેન્સર્સ દ્વારા ૨૪ કલાક દેખરેખ



દમણ : સંઘપ્રદેશ દમણમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયમનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી પ્રશાસન દ્વારા એક ઐતિહાસિક અને અત્યાધુનિક પગલું ભરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજથી દમણના સૌથી વ્યસ્ત મશાલ ચોક વિસ્તાર અને ધોબી તળાવ સર્કલ પર સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ સંપૂર્ણપણે એક્ટિવ કરી દેવામાં આવી છે. આ પહેલા કચીગામ સર્કલ અને ઢોલર રોડ, રાજીવ ગાંધી સેતુના સામેના છેડા સહિતના માર્ગો પર સિગ્નલ સિસ્ટમ સંપૂર્ણપણે એક્ટિવ કરી દેવામાં આવી હતી. ઔદ્યોગિક અને પ્રવાસન ક્ષેત્રે અત્યંત મહત્વ ધરાવતા આ વિસ્તારોમાં ટ્રાફિક સિગ્નલ શરૂ થવાથી વાહનચાલકોને લાંબા સમયથી સતાવતી ટ્રાફિક જામની સમસ્યામાંથી કાયમી રાહત મળશે. સાથે ટ્રાફિક વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો જોવા મળશે. આ સમગ્ર ટ્રાફિક પ્રોજેક્ટ માત્ર લાલ કે લીલી લાઈટ પૂરતો સીમિત નથી. પરંતુ દરેક સિગ્નલ પોઈન્ટ પર હાઈ-ડેફિનેશન CCTV કેમેરા અને આધુનિક સેન્સર્સ પણ ગોઠવવામાં આવ્યા છે. આ અત્યાધુનિક કેમેરા વાહનોની ગતિવિધિઓ પર ૨૪ કલાક બાજ નજર રાખશે. અને જો હવે કોઈપણ વાહનચાલક ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેને રસ્તા પર પોલીસ દ્વારા ઊભા રાખવાની જરૂર નહીં પડે પણ સિસ્ટમ જ આપમેળે વાહનની નંબર પ્લેટ સ્કેન કરીને સીધો જ દંડનો E-Challan વાહન માલિકના કાયમી ઘર અથવા તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર SMS મારફતે મોકલી આપશે. ટેક્નોલોજી અને નેશનલ ડેટાબેઝના આ સુદ્રઢ સમન્વયથી માર્ગ અકસ્માતો ઘટવાની સાથે સાથે સિસ્ટમમાં સંપૂર્ણ પારદર્શિતા આવશે. જેના પરિણામે હવે દમણના સ્થાનિક નાગરિકો તેમજ બહારથી આવતા પ્રવાસીઓએ આર્થિક દંડ અને કાયદાકીય કાર્યવાહીથી બચવા માટે ફરજિયાતપણે ટ્રાફિક શિસ્તનું પાલન કરવું જ પડશે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



વલસાડ : વલસાડ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે ધો.10 અને ધો.12 પછી કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન ટ્રસ્ટ પ્રમુખ ઝાહિદ દરિયાઈની ઉપસ્થિતિમાં કરાયું હતું. જેમાં સરકારી પોલિટેક્નિક કોલેજના લેક્ચરર પ્રો.મોહમદ તોસીફે ધો.10 પછી ડિપ્લોમાં, ધો.11 અને ધો.12 માટે સાયન્સ, કોમર્સ કે આર્ટસ ફેકલ્ટીની પસંદગીમાં વિદ્યાર્થીઓની પોતાની રુચિ અને મન શેમાં છે તે સમજી અને જાણી લેવું ખુબ મહત્વનું છે તેમ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ વર્તમાન સમયે વાલીઓ સાથે વિદ્યાર્થીઓ પણ ક્યા પ્રવાહમાં જવું તે વિશે સંપૂર્ણ માહિતગાર નથી હોતા. ત્યારે મૂંઝવણને દૂર કરવા યોજાયેલા સેમિનારમાં ધો.10 પછી ડિપ્લોમાં, આઈ ટી આઈ, ધો.12 એ ગ્રુપમાં ડિગ્રી એન્જિનિયરિંગની કાઈ શાખામાં પ્રવેશ લેવો, સાથે સરકારી, ખાનગી કોલેજોમાં ફી નું ધોરણ, સરકારી શિષ્યવૃતિ ક્યાંથી મેળવવી, ઉપરાત સંતાનોની રુચિ મુજબ જ વાલીઓએ નિર્ણય લેવો જોઈએ તેમ શિક્ષણ નિષ્ણાતોએ જણાવ્યું હતું. વલસાડના સી એ. ફહદ કરુંએ ધો.12 પછી વિષય પસંદગી મહત્વની બને છે. સાથે સી.એ. બનવાના ફાયદાઓ, ખર્ચ, સહિતની વિગતો આપી હતી. મૌલાના અઝીઝ ફલાહીએ સાયન્સના વિદ્યાર્થીઓ જેમને મેડિકલમાં રસ છે, તેઓ તેમની રુચિ અનુસાર બ્રાંચમાં પ્રવેશ મેળવી શકે છે. શિક્ષણવીદ આરીફ સરે શિક્ષણ વિષયક માહિતી પૂરી પાડી હતી. સેમિનારમાં વલસાડ પાલિકા પૂર્વ સભ્ય ઝાકિર પઠાણ સહિત ટ્રસ્ટના હોદેદારો, વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વઘઈ પોલીસે ગેરકાયદે દેશી બંદુક સાથે એકને ઝડપી પાડ્યો



સાપુતારા : ડાંગ જિલ્લામાં ગેરકાયદે હથિયારો સામે ચાલી રહેલી કાર્યવાહી અંતર્ગત વઘઈ પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીની રાહબરી હેઠળ જિલ્લામાં ગેરકાયદે હથિયારો પકડી પાડવા માટે સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જે અનુસંધાને આજે વઘઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એ. ચાવડા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા દરમિયાન વઘઈ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ભંગુભાઈને મળેલી બાતમીના આધારે કુડકસ ગામ ખાતે ઇશ્વરભાઈ બહાદુરભાઈ ગાવિતના રહેણાંક મકાનમાં રેઇડ કરવામાં આવી હતી. રેઇડ દરમિયાન મકાનમાંથી એક દેશી હાથ બનાવટની ગેરકાયદે બંદુક મળી આવી હતી. પોલીસે આરોપી પાસે બંદુક રાખવા અંગેનો પાસ-પરમિટ માંગતા તે રજૂ કરી શક્યો નહોતો. જેથી પોલીસે ગેરકાયદે હથિયાર સાથે આરોપીની અટકાયત કરી હતી. આ મામલે વઘઈ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### પારડી પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટરની ભાવભીની વિદાય



પારડી: પારડી પોલીસમથકમાં છેલ્લા સવા બે વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી અનેક ગુનાઓ ડિટેઇન કરનાર પોલીસ ઇન્સ્પેક્ટર જી.આર ગઢવીની તાજેતરમાં જ ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી હતી જે બદલીના અનુસંધાને એમના સ્થાને નવ નિમણૂક પામેલા પોલીસ ઇન્સ્પેક્ટર વાય.બી. ગોહિલ ભાવનગરથી વલસાડ બદલીથી આવ્યા હતા અને વલસાડથી પારડી પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી હતી. પોલીસ સ્ટાફ દ્વારા જી.આર ગઢવીને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી. પારડી પોલીસ સ્ટેશનના સમગ્ર સ્ટાફે પીઆઈ જી. આર. ગઢવીને ભાવભીની વિદાય આપી હતી અને પારડી PI તરીકે નવ નિમણૂક વાય.બી. ગોહિલે પદભાર સંભાળ્યો હતો.બે વર્ષના કાર્યકાળ દરમિયાન અનેક ગંભીર ગુનાઓ ઉકેલીને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યો હતો. મોતીવાડા દુષ્કર્મ કેસની દિવંગત દીકરીના પિતા પોલીસમથકે પહોંચ્યા હતા. તે હૃદયદ્રાવક ઘટના સમયે પીઆઇ ગઢવી એ માત્ર તપાસ જ નહોતી કરી, પણ પીડિત પરિવારને પિતાતુલ્ય હૂંફ આપી હતી. વિદાય વેળાએ ભાવુક પિતાએ જણાવ્યું કે સાહેબ તમે માત્ર આરોપીને નથી પકડ્યો પણ અમારી તૂટી ગયેલી આશાને જીવંત કરી છે. એક પીડિત પિતાના આ શબ્દો PI ગઢવીની સૌથી મોટી કમાણી સાબિત થયા હતા. પીઆઈ ગઢવીએ જે રીતે પારડીમાં ગુનાખોરી ડામી છે અને પોલીસ માટે આદર ઊભો કર્યો છે.

### ડાંગનાં જાખાના ગામ નજીક ટેમ્પો ખાડામાં ખાબક્યો



ગીરીશ ભોયે

સાપુતારા : મહારાષ્ટ્રના નાશિકથી આહવા તરફ સ્ટીલનો જથ્થો ભરીને આવી રહેલો આઈસર ટેમ્પો નંબર MH.17.BY 3317 જે રાત્રિના અંદાજે 10:30 વાગ્યાના અરસામાં માર્ગની સાઈડમાં આવેલા ખાડામાં ખાબક્યો હતો. મળતી માહિતી અનુસાર, શામગહાનથી આહવાને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જાખાના અને ધૂમખલ ગામ વચ્ચે આવેલા જોખમી વળાંક પાસે આ અકસ્માત સર્જાયો હતો. આઈસર ટેમ્પાનાં ચાલકે અચાનક નિયંત્રણ ગુમાવતા રસ્તાની સાઈડમાં આવેલા ખાડામાં ખાબક્યો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા નોંધાઈ નથી, જેના કારણે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટના બનતા જ આસપાસના ગ્રામજનો અને રાહદારીઓએ સ્થળ પર દોડી આવી જરૂરી મદદ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

### કલસર પાસે ચશ્મા વેચતા યુવાનનું કરંટ લાગતા મોત

પારડી: ધરમપુર તાલુકાના વાડવળ ગામના રહેવાસી જેસિંગભાઇ પરશુભાઇ જાદવના દીકરા જ્યોતિષ જેસિંગભાઇ જાદવ (ઉં.વ.૨૫) કલસર ગામ નજીક દમણથી પારડી જતાં કોસ્ટલ હાઇવે પર રોડની બાજુમાં સ્ટોલ લગાવી ચશ્મા વેચવાનું કામ કરતા હતા. ત્યારે સ્ટોલની બાજુમાં આવેલા ઝાડની ડાળી કાપવા માટે જ્યોતિષ ઝાડ પર ચડ્યા હતા. ડાળી કાપતાં ઇલેક્ટ્રિક લાઇન દૂર કરવા જતાં જ્યોતિષને અચાનક કરંટ લાગ્યો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં તેમને સારવાર માટે પારડીની મોહનદયાળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.